## 1. સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું

**પદ : ૧**

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું (૨) ધર્મકુંવરનું;
મોતીડે મોરિયું સુંદર, મોતીડે મોરિયું (૨) રસિક સુંદરનું...૧
ભાલ વિશાળમાં સુંદર, ભાલ વિશાળમાં (૨) તિલક કેસરનું;
ભ્રકૂટિ સુંદર જાણીએ, ભ્રકૂટિ સુંદર રે (૨) ઘર મધુકરનું...૨
કરણે કુંડળિયાં કાજુ, કરણે કુંડળિયાં (૨) જડિયલ મોતીએ;
ગૌર કપોળમાં રૂડાં, ગૌર કપોળમાં (૨) ઝળળળ જ્યોતિએ...૩
નેણાં રંગીલાં લાલ, નેણાં રંગીલાં (૨) કમળની પાંખડી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી (૨) ઠરી છે આંખડી...૪

**પદ : ૨**

નાસિકા નમણી હરિની, નાસિકા નમણી (૨) પોપટ સરીખડી;
નીરખી વદન ચંદ્ર, નીરખી વદન રે (૨) કિરણું ઝાંખી પડી...૧
કંઠ જ નીરખી હરિનો, કંઠ જ નીરખી (૨) વાધી છે પ્રીતડી;
છાતી ઊપડતી માંહી, છાતી ઊપડતી (૨) મોતીમાળા બેવડી...૨
સુંદર ઉદર હરિના, સુંદર ઉદર માંહી (૨) પડે છે ત્રિવળી;
નાભિ ગંભીર ગોળ, નાભિ ગંભીર જોઈ (૨) મનડું ગયું ગળી...૩
કટિલંક નીરખી હરિનો, કટિલંક નીરખી (૨) મોહ પામ્યો કેસરી;
પ્રેમાનંદ નીરખી છબી, પ્રેમાનંદ નીરખી (૨) નટવર વેષરી...૪

**પદ : ૩**

લટકંતા આવો લાલ, લટકંતા આવો રે (૨) મારે મંદિર મોરારી;
ગજગતિ ચાલ રૂડી, ગજગતિ ચાલ રે (૨) જોઈ બલિહારી...૧
સાથળ ઘૂંટણ સુંદર, સાથળ ઘૂંટણ રે (૨) જોઈ પિંડી ને પાનિયું;
ઘૂંટી પેનીની છબી, ઘૂંટી પેનીની રે (૨) મારે મન માનિયું...૨
અરુણતળામાં સુંદર, અરુણતળામાં રે (૨) સોળ ચિહ્ન શોભતાં;
ઊર્ધ્વરેખામાં રૂડી, ઊર્ધ્વરેખામાં રે (૨) મુનિ મન લોભતાં...૩
મૂર્તિ મહારાજની, શ્રીમૂર્તિ મહારાજની (૨) ગાઈ મેં પ્રીતે કરી;
પ્રેમાનંદ કહે નાથ, પ્રેમાનંદ કહે રે (૨) અંતરમાં રહો હરિ...૪

પદ : ૪

ફૂલડે ગરકાવ ફૂલ્યા, ફૂલડે ગરકાવ રે (૨) આવો ડોલરિયા;
અત્તરની ફોરમાં પ્યારા, અત્તરની ફોરમાંહી (૨) ભીના રંગ ભરિયા..૧
હાર હજારી ઉર, હાર હજારી રે (૨) ગુચ્છ બેઉ કાનમાં;
બાજુ કાજુ છે બાંયે, બાજુ છે બાંયે રે (૨) નીરખું નિત્ય ધ્યાનમાં...૨
ગજરા ગુલાબી કરમાં, ગજરા ગુલાબી રે (૨) ખૂંત્યા મારા ચિત્તમાં;
જીવન જાણો છો બહુ, જીવન જાણો છો રે (૨) પાતળિયા પ્રીતમાં...૩
મોહી છું માણીગર હું તો, મોહી છું માણીગર રે (૨) મુખને મરકલડે;
ગમિયા છો ગિરધર, ગમિયા છો ગિરધર (૨) પ્રેમાનંદને દલડે...૪

ટેક..

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયુ (૨) ધર્મકુંવરનું..
નાસિકા નમણી હરિની, નાસિકા નમણી (૨) પોપટ સરીખડી..
લટકંતા આવો લાલ, લટકંતા આવો રે (૨) મારે મંદિર મોરારી..
ફૂલડે ગરકાવ ફૂલ્યા, ફૂલડે ગરકાવ રે (૨) આવો ડોલરિયા..

2. લગની લાગી રે, મારે લગની લાગી

પદ : ૧

લગની લાગી રે, મારે લગની લાગી;
સખી શામળિયા સંગાથે, મારે લગની લાગી...ટેક

મીઠે સ્વરે મોહનજીની મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી...લગની ૧

વૃંદાવનની વાટે ચાલી, કુળલજ્જા ત્યાગી;
વાંસળી વગાડતાં જોયા શ્યામ સોહાગી...લગની ૨

રસિયા સંગે રમતાં, સર્વે ભ્રમણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો મુખડે માંગી...લગની ૩

મુક્તાનંદ કહે પળ એક ન્યારા, નહિ મેલું વાલો;
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો ...લગની ૪

**પદ : ૨**

**ગિરધારી રે, સખી ગિરધારી;**
**મારે નિરભે અખૂટ નાણું ગિરધારી...ટેક**

**ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે;**
**દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છૂટે...ગિરધારી ૧**

**અનગણ નાણું સંચી અંતે, નિરધનિયા જાયે;**
**તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે... ગિરધારી ૨**

**સંપત વિપત સર્વે, સ્વપ્નું જાણું;**
**હરિનાં ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું... ગિરધારી ૩**

**મુક્તાનંદ કહે મોહનવરને, ઉરમાં ધારી;**
**હવે દુઃખ ને દારિદ્ર થકી, થઈ છું હું ન્યારી... ગિરધારી ૪**

**પદ : ૩**

**સુખ પામી રે, સખી સુખ પામી;**
**હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી...ટેક**

**શરણાગતને પાળે, સદા બહુનામી;**
**મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી...સુખ ૧**

**તપ ને તીરથ મેં તો, કાંઈ ન કીધું;**
**મારે ઘેર બેઠા શ્યામ થકી, કારજ સીધું...સુખ ૨**

**સંસારીનું સુખડું જૂઠું, આવે ને જાયે;**
**હરિનો અખંડ સોહાગ કે દી, કાળ ન ખાયે...સુખ ૩**

**મુક્તાનંદ કહે હરિ હરિજનની, ગતિ છે ન્યારી;**
**એને દેહદર્શી દેખે, પોતા જેવા સંસારી ...સુખ ૪**

**પદ : ૪**

**છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો;**
**મારે મંદિરે પધારે, નિત્ય છેલ છોગાળો...ટેક**

**હસતાં હસતાં મુજને દેખી, આનંદ પામે;**
**એની કરુણાની દૃષ્ટિ, સર્વે દુઃખડાં વામે...છેલ ૧**

**મોતીડાંની માળા પેરી, મલપંતો આવે;**
**ગાઉં ત્યાં સંગાથે મારે, પ્રેમ શું ગાવે...છેલ ૨**

**મેં વહાલો વશ કીધા, મુજને વહાલે વશ કીધી;**
**સામાસામી પાનબીડી, દીધી ને લીધી...છેલ ૩**

**મુક્તાનંદ કહે મોહન સંગે, લાવ ઘણો લીધો;**
**મુખડેથી તંબોળ મુજને, મે'ર કરી દીધો...છેલ ૪**

**ટેક..**

**લગની લાગી રે, મારે લગની લાગી; સખી શામળિયા સંગાથે, મારે લગની લાગી..**
**ગિરધારી રે, સખી ગિરધારી; મારે નિરભે અખૂટ નાણું ગિરધારી..**
**સુખ પામી રે, સખી સુખ પામી; હું તો શામળિયાને શરણે જાતાં સુખ પામી..**
**છેલ છોગાળો રે, મીઠી મોરલીવાળો; મારે મંદિરે પધારે, નિત્ય છેલ છોગાળો..**